# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

| ક્રમ | વિગત | ઓનલાઇન | | |
|---|---|---|---|---|
| | | બેંકનું નામ | ડી.ડી. નં. | તારીખ |
| ૧ | ટેન્ડર ફી રૂપિયા ૭૫૦/- (નોન રિફંડેબલ)રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં રજુ કર્યા ની વિગત | | | |
| ૨ | ઇ.એમ.ડી ફી રૂપિયા ૧૫,૦૦૦/- (રિફંડેબલ) રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં રજુ કર્યા ની વિગત | | | |

**<u>કંપની/એસોશીયેશન/એજન્સી/પેઢીએ પુરી પાડવાની માહિતી અંગેનું ફોર્મ:-</u>**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પેઢી/કંપનીનું પુરૂ નામ | | | |
| | ફોન નંબર | ઓફીસ | મોબાઈલ | લેન્ડલાઇન |
| | | | | |
| ૨ | પેઢીનુ પુરૂ સરનામું | | | |
| ૩ | સંચાલકનું પુરેપુરૂ નામ અટક સાથે | | | |
| ૪ | સંચાલકનું પુરૂ સરનામું | | | |
| | ફોન નં | ઓફીસ | મોબાઈલ | ઘર |
| | | | | |
| ૫ | (ભાગીદારી પેઢીના કીસ્સામાં) ભાગીદારોના નામ –રહેઠાણનું પુરૂ સરનામું | ૧ | | |
| | | ૨ | | |

.......................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ........................................ ભાવ ભરનારનું પુરૂ નામ:...............................................

તારીખ : /૧૨/૨૦૨૩

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

| | | | |
|---|---|---|---|
| ૬ | શોપ એસ્ટાબ્લીશમેન્ટ રજીસ્ટ્રેશન ની વીગત | રજીસ્ટ્રેશન નંબર | તારીખ |
| | | | |
| ૭ | વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન ની વીગત | રજીસ્ટ્રેશન નંબર | તારીખ |
| | | | |
| ૮ | ભાગીદારીના કરારની વિગત (જો લાગુ પડતુ હોયતો) | | |
| ૯ | (રાજકોટ મહાનગરપાલિકા સાથે પત્ર વ્યવહાર વગેરે માટે ઓથોરાઈઝડ પ્રતિનિધિનું નામ સરનામું તથા મોબાઈલ નંબર | | |
| | | | |
| | | | |
| ૧૦ | જી.એસ.ટી. નંબર | | |
| ૧૧ | EPF રજીસ્ટ્રેશનની વિગત | | |
| ૧૨ | ESIC રજીસ્ટ્રેશનની વિગત | | |



#

..........................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ......................................... ભાવ ભરનારનું પુરૂ નામ:.............................................

તારીખ : /૧૨/૨૦૨૩

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

**ટેકનીકલ બીડ સાથે સામેલ રાખવાના બિડાણનું ચેકલીસ્ટ (જોડેલ બીડાણ સામે "✓" ની નિશાની કરવી)**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી ડી.ડી રૂ.૭૫૦/- | |
| ૨ | ઇ.એમ.ડી ડી.ડી. રૂ.૧૫,૦૦૦/- | |
| ૩ | પેઢીના સરનામાં અંગેના પ્રુફની સ્વપ્રમાણિત નકલ | |
| ૪ | શોપ એસ્ટાબ્લીશમેન્ટ લેટેસ્ટ રીન્યુઅલ સાથેના લાયસન્સ (સર્ટીફિકેટ) ની સ્વ પ્રમાણિત નકલ | |
| ૫ | પાન કાર્ડની સ્વ પ્રમાણિત નકલ | |
| ૬ | ભાગીદારી કરારની સ્વ પ્રમાણિત નકલ (ભાગીદારી પેઢીના કિસ્સામાં) | |
| ૭ | લગત કામગીરીનું છેલ્લા ૦૭(સાત) વર્ષનું એવરેજ વાર્ષિક ટર્નઓવર રૂ.૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ હોવા અંગેનું ચાર્ટડ અકાઉન્ટન્ટ દ્વારા આપેલ સર્ટીફિકેટ (છેલ્લુ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ગણવુ) | |
| ૮ | નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ નો વ્યવસાયવેરો ભર્યાની રીસીપ્ટની સ્વ પ્રમાણિત નકલ | |
| ૯ | જી.એસ.ટી. નંબર સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ | |
| ૧૦ | EPF સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ | |
| ૧૧ | ESIC સર્ટીફીકેટની સ્વપ્રમાણિત નકલ | |
| ૧૨ | અનુભવ ધરાવતા હોવાના સ્વ પ્રમાણિત આધાર પુરાવા | |
| ૧૩ | બ્લેક લીસ્ટ ન હોવા અંગેનું સોગંદનામુ | |
| ૧૪ | શરત નં.૩૩ મુજબનું બાંહેધરીપત્રક | |



#

..........................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ........................................ ભાવ ભરનારનું પુરૂ નામ:.............................................

તારીખ : /૧૨/૨૦૨૩

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

---

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

**-:-: શરતો -:-:**

૧. રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી આ ટેન્ડર (ટેકનીકલ બીડ અને પ્રાઇસ બીડ) ડાઉનલોડ કરી શકાશે અને ટેન્ડર ફી પેટે રૂ.૭૫૦/- (અંકે રૂપિયા સાતસો પચાસ પુરા)નો રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટની તરફેણનો ડી.ડી. (નોન રીફંડેબલ) રાજકોટ મહાનગરપાલિકા ખાતે ટેકનીકલ બીડ રજુ કરતી વખતે ટેકનીકલ બીડના કવરમાં સાથે સામેલ રાખવાનો રહેશે. (જે ડી.ડી. પાછળ ટેન્ડર ભરનારનું નામ, સરનામુ, મોબાઈલ નંબર લખવાના રહેશે). આ કામનું ટેન્ડર (ટેકનીકલ બીડ અને પ્રાઇસ બીડ) તા.૦૨/૧૨/૨૦૨૩ થી તા.૦૧/૦૧ /૨૦૨૪ સુધી મેળવી/ડાઉનલોડ કરી શકાશે.

ટેકનીકલ બીડ સાથે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂ.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ની રકમનો ડી.ડી. ટેન્ડર ભરનારે રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં સીલબંધ ટેકનીકલ બીડમાં સામેલ રાખવાનો રહેશે. (જે ડી.ડી. પાછળ ટેન્ડર ભરનારનું નામ, સરનામુ, મોબાઈલ નંબર લખવાના રહેશે). ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરનું ટેકનીકલ બીડ આપોઆપ રદ ગણાશે. **ટેકનીકલ બીડ સાથે ટેકનીકલ બીડ ચેકલીસ્ટમાં જણાવેલ તમામ ડોકયુમેન્ટસની સ્વપ્રમાણિત (self attested) નકલો સામેલ રાખવાની રહેશે.**

૨. આ કામે પ્રી-બીડ મીટીંગ તા. તા.૦૭/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે રાજકોટ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે રાખવામાં આવશે. ટેન્ડરરે **"ટેકનીકલ બીડ"** તથા **"પ્રાઇસ બીડ"** બંને **અલગ અલગ** સીલબંધ કવરમાં રાજકોટ મહાનગરપાલિકા, ડો.આંબેડકર ભવન, સાંસ્કૃતિક વિકાસ વિભાગ, રૂમ નં ૦૫, ત્રીજો માળ, ઢેબરભાઇ રોડ, રાજકોટ ખાતે **તા.૦૨/૦૧/૨૦૨૪ સુધીમાં ઓફિસ અવર્સ દરમિયાન ફકત રજી. એડી/ સ્પીડ પોસ્ટ દ્વારા જ મોકલી આપવાના રહેશે**. ત્યાર પછી મળેલા ટેન્ડરને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. સમય મર્યાદામાં આવેલ ટેકનીકલ બીડ તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સહાયક કમિશનરશ્રી (સે.ઝોન)ની કચેરીમાં ખોલવામા આવશે. જે આસામીઓના ટેકનીકલ બીડ કવોલીફાય થશે તેમના જ પ્રાઇસ બીડ તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર સ્વીકારવુ કે ન

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

---

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

સ્વીકારવુ તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે. ટેન્ડરરે ટેન્ડરમાં કોઈ બીજી શરત મુકવાની નથી, આવી શરતો વાળુ ટેન્ડર રદ થશે. ટેકનીકલ બીડના કવર પર **"રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ"** એમ સ્પષ્ટપણે લખવુ. પ્રાઇસ બીડના કવર પર **"રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું પ્રાઇસ બીડ"** એમ સ્પષ્ટપણે લખવુ.

૩. જયારે આ કામનો એલોટમેન્ટ લેટર (વર્ક ઓર્ડર) આપવામાં આવે ત્યારે ટેન્ડરરે કુલ કામના ૫% ની સીક્યુરીટી ડીપોઝીટની રકમ રાજકોટ મહાનગરપાલિકાના નામે બેન્ક ફીકસડ ડીપોઝીટથી જમાં કરાવવાની રહેશે. એલોટમેન્ટ લેટર આપ્યા બાદ તેમા જણાવેલી રકમ નીયત સમયમાં અત્રે ભરવામાં આવશે નહિ તો અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવા આવશે.

૪. ટેન્ડર ફોર્મમાં ટેન્ડર ભરનારે પુરેપુરી વિગતો સુવાચ્ય તેમજ સ્પષ્ટ જણાવવી. કોઇપણ પ્રકારે ચેક-ચાક વાળુ ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૫. ટેન્ડરરે ટેકનીકલ બીડ કે પ્રાઇસબીડ કોઈપણ પ્રકારની શરતો મુકવાની નથી. શરતોવાળું ટેકનીકલ બીડ કે પ્રાઇસબીડ આપોઆપ રદબાતલ થશે.

૬. ટેન્ડરરે તમામ કરવેરા, જી.એસ.ટી. ટેક્ષ તથા પરિવહન વગેરે સાથેના ભાવો આપવાના રહેશે. તેમજ સરકારશ્રી ભવિષ્યમાં વેરામાં કોઇ સુધારો-વધારો કરવામાં આવે કે નવા કર-વેરા લાગુ કરવામાં આવે તે ટેન્ડરરને લાગુ રહેશે. તેમજ મહાનગરપાલિકાના કે અન્ય સરકારી કચેરીઓના આ કામ અંગેના કોઇપણ પ્રકારના ટેક્સ/વેરા/કરો ભરવાના થતા હોય તો તે અથવા સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં કોઇ અન્ય વેરાઓ નાખવામાં આવે તે કોન્ટ્રાકટરે ભરવાના રહેશે. અને તેના ચલણ વખતો વખત રાજકોટ મહાનગરપાલિકા ખાતે રજૂ કરવાનું રહેશે.

૭. આ કામ બાબતે કોઈપણ પ્રકારનો પ્રશ્ન ઉભો થયે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે અને તે તમામને બંધનકર્તા રહેશે.

.................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ........................................ ભાવ ભરનારનું પુરૂ નામ:..................................................

તારીખ : /૧૨/૨૦૨૩



#

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

૮. આ કામ સૌથી નીચો ભાવ (L1) ભરનાર ટેન્ડરને આપવામા આવશે.

૯. ભાવ ભરનાર પેઢી આ કામનો ઓછામાં ઓછો ૦૭(સાત) વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઇએ. તેમજ પેઢીનું સાત વર્ષનું એવરેજ વાર્ષિક ટર્ન ઓવર રૂ.૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ હોવુ જોઇએ.

૧૦. ભાવ ભરનાર પેઢી રાજકોટ ખાતે તેઓની ઓફિસ ધરાવતી હોવી જોઈએ.

૧૧. રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે સ્થળે જઈ વિડીયોગ્રાફી કરી આપવાની રહેશે. સામાન્ય રીતે કાર્યક્રમ/ઈવેન્ટ પુર્ણ થયા બાદ દિન-૩માં બીલ સાથે સી.ડી./ડી.વી.ડી. પહોંચતી કરી આપવાની રહેશે, પરંતુ કોઈ કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા સુચના આપે તો કાર્યક્રમ પુર્ણ થયા બાદ તાત્કાલિક સી.ડી./ડી.વી.ડી. પહોંચતી કરી આપવાની રહેશે. જે અંગે કોઇ અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

૧૨. કાર્યક્રમો/ઈવેન્ટની સી.ડી./ડી.વી.ડી. રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે મુજબના ટાઈટલ્સ સાથે તૈયાર કરી આપવાની રહેશે.

૧૩. કલાકથી ઓછા કાર્યક્રમમાં કે પુર્ણ કલાક બાદની ઉપરની મિનીટોના કિસ્સામાં ઉપરની મિનીટોના પ્રપોર્શનમાં પેમેન્ટ ચુકવવામાં આવશે.

૧૪. કોન્ટ્રાકટની સમયમર્યાદા કામ શરૂ થયાના વર્કઓર્ડર આપ્યાની તારીખથી ૨(બે) વર્ષની રહેશે. સદરહુ મુદ્દત દરમ્યાન કોઈપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી. તેમજ મુદ્દત પુરી થયે નવો કોન્ટાક્ટ આપવામાં ન આવે ત્યાં સુધી ભાવ ભરનારે તેમના મંજૂર થયેલ ભાવથી કામગીરી કરી આપવાની રહેશે.

૧૫. ટેન્ડર ભરનારે શરતો બરાબર વાંચી સમજીને ભાવ ભરવાનો છે અને શરતોનાં પત્રમાં દરેક પાને સહી સિક્કો કરી આપવાનો છે. જો કરાર કરવામાં નહી આવે તો ભરેલ અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૬. એજન્સીની કામગીરી નબળી જણાશે તો કોઈપણ પ્રકારની નોટીસ કે કારણ આપ્યા વગર રાજકોટ મહાનગરપાલિકા કોન્ટ્રાક્ટ રદ કરી શકશે તેમજ બ્લેક લીસ્ટમાં મુકી શકશે.

૧૭. જી.એસ.ટી. નંબર, EPF, ESIC સર્ટીફિકેટની સ્વ પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે.

૧૮. વિડીયો કવરેજની કામગીરી પ્રોફેશનલ અદ્યતન પ્રકારના HD કેમેરાથી કરવાની રહેશે. તથા સુચવવામાં આવે ત્યારે SD કેમેરાથી કામગીરી કરી આપવાની રહેશે.

.................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ......................................... ભાવ ભરનારનું પુરૂ નામ:..............................................

તારીખ : /૧૨/૨૦૨૩



#

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

૧૯. વિડીયો કવરેજ સંદર્ભે એડીટીંગ માટે કે અન્ય કોઇ કામગીરી માટે અલગથી વધારાનો કોઇ ચાર્જ ચુકવાશે નહિ.

૨૦. કવરેજ પુરૂ થાય કે તરત જ સંબંધિત અધિકારી/કર્મચારીની સુચના મુજબ મહત્વના વિઝ્યુઅલ અધિકારી/કર્મચારી સુચવે તે મુજબ વિના વિલંબે મોકલવાના રહેશે.

૨૧. વિડીયોગ્રાફીના સંપૂર્ણ કવરેજની વિડીયો DVD રાજકોટ મહાનગરપાલિકાની જે તે શાખામાં કવરેજ બાદ બનતી ત્વરાએ રૂબરૂ પહોંચતી કરવાની રહેશે. DVD પહોંચાડવા માટે કે એડીટીંગ માટે અલગથી કોઇપણ પ્રકારનો ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

૨૨. રી-કોપીની આવશ્યકતા ઉભી થાય ત્યારે એક DVD અથવા આધુનિક ટેકનોલોજી પ્રમાણે ડેટા પુરા પાડવાના રહેશે જેનો દર પ્રતિ DVD ના રૂ.૪૦/- અને CDના રૂ.૨૦/- પ્રમાણે (સારી ગુણવતાવાળા કવર સાથે) ચુકવવામાં આવશે. DVD/CD શ્રેષ્ઠ ગુણવતા ધરાવતી હોવી આવશ્યક છે.

૨૩. ઓરીજીનલ એક્સ્પોઝ વિડીયોગ્રાફી ડેટાની માલિકી રાજકોટ મહાનગરપાલિકાની રહેશે અને તે અન્ય કોઇને રાજકોટ મહાનગરપાલિકાની અનુમતિ સિવાય આપી શકાશે નહિ તેમજ તેનો કોમર્શીયલ ઉપયોગ કરી શકાશે નહિ. જેમાં કસુર થયે કમિશનરશ્રીનો નિર્ણય બંધનકર્તા રહેશે.

૨૪. કવરેજ દરમ્યાન ટ્રાઇપોડ, મોનોપોડ, બુમ માઇક, હેડફોન, લેપટોપ સુવિધા સહિતની આનુષંગિક સાધન-સામગ્રી લઇને આવવાનું રહેશે. રાજકોટ મહનગરપાલિકામાંથી કોઇપણ સાધન સામગ્રી પુરી પાડવામાં આવશે નહિ.

૨૫. રાજકોટ મહાનગરપાલિકા સુચવે તે કાર્યક્રમના સ્થળે કામ કરી આપવા તમામ માલ-મજુરી તથા પરીવહન અને જી.એસ.ટી. તથા પ્રવર્તમાન તમામ ટેક્સ સાથેના ભાવો જ આપવાના છે.

૨૬. ટેન્ડર માટે ટુ બીડ પદ્ધતિ અનુસરવામાં આવશે. ટેકનીકલ બીડ ક્વોલીફાય થયા બાદ જ પ્રાઇઝ બીડ ઓપન કરવામાં આવશે. ટેકનીકલ બીડમાં ક્વોલીફાય ન થયેલ ટેન્ડરો આપોઆપ રદબાતલ થશે.

૨૭. રાજકોટ મહાનગરપાલિકામાં ચાલતા ધોરણો મુજબ તથા વર્તમાનકાળે અમલમાં હોય તેવા નિયમો, પેટા નિયમો, બી.પી.એમ.સી./જી.પી.એમ.સી. એક્ટની જોગવાઇઓને આધીન રહી આ ટેન્ડર ભરવામાં આવેલ છે તેમ સમજવાનું છે.

..............................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ........................................ ભાવ ભરનારનું પુરૂ નામ:..............................................

તારીખ : /૧૨/૨૦૨૩



#

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

૨૮. ટેન્ડરની કોઇ શરત કે આઇટમના વર્ણનમાં કે સ્પેશીફીકેશનમાં કોઇ ફેરફાર થશે નહિ. આવુ શરતી ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૨૯. મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારી દ્વારા જ્યારે ટેલીફોનીક કે મૌખિક કામગીરી કરવાની સુચના આપવામાં આવે ત્યારે અત્યંત ટુંકી મુદ્દતમાં પણ કામ કરી આપવાનું રહેશે.

૩૦. જે શાખા દ્વારા કામ આપવામાં આવે તે શાખા પાસેથી વર્કઓર્ડર મેળવી તે જ શાખામાં બીલો રજૂ કરવાના રહેશે. અને કામગીરી કરાવનાર શાખા પાસેથી બીલ પ્રમાણિત કરાવવાનું રહેશે.

૩૧. સામાન્ય સંજોગોમાં નેગોશિયેશન કરવામાં આવશે નહી. L1 ભાવ ભરનાર ટેન્ડરરને કામ સોંપવામાં આવશે.

૩૨. કોન્ટ્રાક્ટરે મહાનગરપાલિકાની તમામ શાખાનું કામ શહેરની હદ અંદર કે બહાર સુચવ્યા મુજબના સ્થળે કરવાનું રહેશે.

૩૩. કોન્ટ્રાક્ટરશ્રીએ મહાનગરપાલિકા, રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રીના જો કોઇપણ પ્રકારના લાઇસન્સ કે મંજૂરી લેવાની થતી હોય કે તે અંગેના કોઇપણ વેરા ભરવાના થતા હોય તો તેના આધારો ટેન્ડર સાથે રજૂ કરવાના રહેશે. અને જો આ પ્રકારના વેરા, લાઇસન્સ કે મંજૂરી લેવાની થતી ન હોય તો તે અંગેનું બાંહેધરી પત્રક ટેન્ડર સાથે રજૂ કરવાનું રહેશે.

૩૪. કોન્ટ્રાકટરશ્રી આ કામે કોઇપણ જગ્યાએ બ્લેક લીસ્ટ થયેલ નથી તે મતલબનું સોંગદ નામુ ટેન્ડર સાથે રજૂ કરવાનું રહેશે.

૩૫. આ કામો માટે કોન્ટ્રાક્ટરે જે સ્ટાફ રાખવાનો હોય તે જરૂરી લાયસન્સ ધરાવતા હોવા જોઇએ તથા કોન્ટ્રાકટરના રજીસ્ટરે નોંધાયેલા હોવા જોઇએ. આ અંગે ઉભી થતી કોઇ કાયદાકીય પરિસ્થિતિ બાબતે સંપૂર્ણ રીતે કોન્ટ્રાકટર જવાબદાર રહેશે.

૩૬. મહાનગરપાલિકાને યોગ્ય જણાશે ત્યારે એક માસની નોટીસ આપી આ કોન્ટ્રાક્ટ રદ આકરી શકશે.

૩૭. કોન્ટ્રાકટરે અઢાર વર્ષથી ઓછી ઉંમરના કોઇને કામે લગાડવા નહિ. તથા કામની અગત્યતાને ધ્યાને લઇ કામ ઉપર જે માણસ રાખવાની શાખા અધિકારી મનાઇ કરે તે માણસને કામ ઉપર રાખવાના નથી.

૩૮. જો ભાવ ભરનાર પેઢી કે આસામી રાજકોટ શહેર બહારના હશે તો તેઓની ઓફિસ રાજકોટ શહેરમાં હોવી જરૂરી છે. અન્યથા સ્થાનિક પ્રતિનિધિ શહેરમાં હોવો જોઇશે. જેથી કરીને ટુંકી મુદતની કામગીરી સત્વરે કરી શકાય અને કામગીરીમાં બિન જરૂરી સમય પસાર ન થાય.



#

..............................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : .................................... ભાવ ભરનારનું પુરૂ નામ:.............................................

તારીખ : /૧૨/૨૦૨૩

# રાજકોટ મહાનગરપાલિકા

સાંસ્કૃતિક વિકાસ વિભાગ, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ

**રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ માટે વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડવા અંગેના દ્વિવાર્ષિક ટેન્ડરનું ટેકનીકલ બીડ સાથે ભરીને મોકલવાનું ફોર્મ બિડાણ તથા શરતોનું પત્રક.**

૩૯. ઉપરોક્ત શરતો કે અન્ય કોઇપણ બાબતે કોઇપણ પ્રશ્ન કે વિવાદ ઉપસ્થિત થયે કમિશનરશ્રી રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને ભાવ ભરનારને બંધનકર્તા રહેશે.

સહી : સી.કે.નંદાણી
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા



#

..........................................................................................................................................

સ્થળ :ભાવ ભરનારની સહી : ........................................ ભાવ ભરનારનું પુરૂ નામ:............................................

તારીખ : /૧૨/૨૦૨૩